**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.j.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના મૂલ્યોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study: Values of Lower Primary and Upper Primary School Teachers

અભ્યાસક: પ્રજ્ઞેશકુમાર કે. પટેલ

M.Sc, M. Ed, GSET

મુખ્ય શિક્ષક, કમોડ પ્રાથમિક શાળા,

દક્ષિણ ઝોન - અમદાવાદ

માર્ગદર્શક: ડૉ. ડાહ્યાભાઇ એમ.પટેલ

પ્રોફેસર

શિક્ષણ વિદ્યાશાખા (IASE)

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

- **સારાંશ**

સમાજમાં જોવા મળતી નિયમબદ્ધતા સમાજની આગવી ઓળખ છે. જે સમાજમાં નિયમો અને મર્યાદાઓનું પાલન ઉત્તમ રીતે થાય છે તે જ તેની સંસ્કૃતિ છે અને તે જ સમાજનું પ્રાણતત્ત્વ મૂલ્ય છે. મૂલ્ય વગર સમાજ કે સંસ્કૃતિનું કોઈ અસ્તિત્વ સંભવ નથી. વ્યક્તિના સામુદાયિક મૂલ્યલક્ષી વ્યવહારો જ સમાજ કે સંસ્કૃતિની સાચી ઓળખ છે. મહાન ચિંતક પ્લેટોએ માનવજીવનને મૂલ્યપેક્ષી મૂલ્યની અપેક્ષાવાળું માન્યું છે.

દરેક વ્યક્તિએ ધર્મથી, ન્યાયનીતિથી શિસ્તમાં રહીને પ્રામાણિકતાથી અર્થનું ઉપાર્જન કરવું જોઈએ. આવી રીતે પ્રાપ્ત કરેલ ધનનો ઉપયોગ પણ ધર્મ, ન્યાય-નીતિ અને પ્રામાણિકતાથી કરવો જોઈએ. ભૌતિક સુખ સગવડો અને ભોગવિલાસનો ત્યાગ કરીને પ્રજાની સુખાકારી માટે ધનનો ઉપયોગ કરવો જોઈએ. આર્થિક ઉત્પાદકતા મૂલ્યની પ્રાપ્તિ ભૌતિક અને અભૌતિક બંને પ્રકારની હોઈ શકે છે અને એ સંદર્ભમાં કરવા યોગ્ય પ્રવૃત્તિઓને આ ગુણ સાથે જોડી ઉત્પાદક પ્રવૃત્તિ કરવી આર્થિક મૂલ્ય છે.

વર્તમાન સમયમાં સમાજના વિવિધ પડકાર અને ધબકાર સાથે સમાજ જીવનમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે સાથે સમાજમાં મૂલ્યોનું સ્થાપન અતિ મહત્ત્વની બાબત છે. માહિતી અને તકનિકીના પ્રવર્તનમાં યુગમાં છેલ્લા ઘણા વર્ષોથી મૂલ્યોનાં અધ:પતનનો પ્રશ્ન ભારત સહિત દુનિયાના ઘણા વિચારકોને સતાવી રહ્યો છે. પરંતુ વ્યક્તિમાં સહકાર, સામાજિક ન્યાય, સહિષ્ણુતા, સમભાવ, માનવતા જેવા સામાજિક ગુણોમાં ઘટાડો થતો જોવા મળ્યો છે.

ત્યારે જીવનમાં ખંડરોનું આવલંબન શોધવા આવા વિદ્યાર્થીઓના જીવનમૂલ્યોની માવજત માટે જીવન ઘડતર-ચણતર માટે શિક્ષણ સંસ્થા અને શિક્ષકો ઉપર બહુ મોટી જવાબદારી વહન કરવાની ઘડી આવી ચૂકી છે. શિક્ષક સમાજનો સર્જક છે. પ્રશ્ન ઉદભવે શું કરવું? પ્રત્યુત્તર અપાય છે મૂલ્ય સુગ્રથિત શિક્ષક પ્રવર્તમાન યુગમાં જ્ઞાનનો વિસ્ફોટ ચોપેરે ક્ષિતિજોમાં વિસ્તરાઈ રહ્યો છે.

વ્યક્તિની બુદ્ધિ શક્તિ અને ઉપાર્જન ક્ષમતા તેના જીવનના વિવિધ સ્તરે તેને આત્મસન્માન અને આત્મનિર્ભરતા બક્ષે છે. સમગ્ર પૃથ્વી પર મનુષ્ય સૌથી બુદ્ધિશાળી પ્રાણી ગણવામાં આવે છે. મનુષ્ય કેવું વર્તન અને વ્યવહાર કરશે તેનો આધાર તેની બુદ્ધિશક્તિની સાથે-સાથે તેનામાં રહેલ મૂલ્યો પર પણ વધુ આધારિત છે, મૂલ્યો વ્યક્તિએ-વ્યક્તિએ અલગ-અલગ પ્રમાણમાં ગર્ભિત હોય છે જે તેની રહેણી-કરણી અને વાતાવરણ પર આધારિત હોય છે. જે વ્યક્તિને સારા-ખોટા નિર્ણયો સાથે એક સંસ્કારી અને આદર્શ વિશ્વના નિર્માણ માટે વ્યક્તિમાં સામાજિક મૂલ્યોની સમજ અને આચરણ આવશ્યક લેખાય છે તે માટેનું માધ્યમ શિક્ષણ જ છે.

શિક્ષકોનું મૂલ્યો સભર વ્યક્તિત્વ સમાજમાં મૂલ્યોનાં વહન માટે આવશ્યક છે. નવી શિક્ષણનીતિ શિક્ષકોને 'આપણા સમાજના સૌથી મહત્ત્વપૂર્ણ સભ્યો' અને 'પરિવર્તનના મશાલચી' તરીકે રજૂ કરે છે ત્યારે ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં કોઈપણ પ્રયત્નોની સફળતા શિક્ષકની ગુણવત્તા પર આધારિત છે. સમાજ ઘડતરના પાયાનું કાર્ય કરતાં પ્રાથમિક શિક્ષણની શરૂઆતથી જ બાળકોમાં આર્થિક બાબતોનું મહત્ત્વ સમજાય જેથી તે

શિક્ષણની ઉપયોગિતા સમજી શકે આ માટે શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષકો દ્વારા આમૂલ પરિવર્તન પોતાના આચરણ અને મૂલ્યો થકી જ શક્ય છે.

## 1. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસની સાથે સાથે દેશ-દુનિયા એક થવા લાગ્યાં છે. સમાજના બદલાતા પ્રવાહોની સાથે શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. શિક્ષણ એ પૂર્ણ વિકાસની પ્રક્રિયા છે જે જન્મના પહેલાંથી શરૂ થઈ મૃત્યુના છેવાડે પણ પૂર્ણ થતી નથી. શિક્ષણ એ પૂર્ણ વિકાસની પ્રક્રિયા છે. સમાજમાં પ્રવર્તેલા રીતિ-રિવાજો, રૂઢીઓ, માન્યતાઓ, અંધશ્રધ્ધા વગેરેમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમયાંતરે સમાજમાં પરંપરાગત સંસ્કૃતિ થકી નક્કી થયેલાં મૂલ્યો હંમેશા જળવાઈ રહે છે. સામાજિક પરિવર્તન માટે જવાબદાર મુખ્ય પરિબળ જો કોઈ હોય તો તે શિક્ષણ છે, શિક્ષણ થકી જ સમાજમાં મૂલ્યોની જાળવણી થાય છે.

મૂલ્યને કારણે વ્યક્તિ સમાજે સૂચવેલી અને નીતિ-નિયમો સાથેની પ્રવૃત્તિઓને તેની નીપજના સંદર્ભમાં મહત્ત્વની ગણે છે.નીતિશિક્ષણનું સ્વરૂપ માનવ હદયને શુદ્ધ કરનારાં સત્ય અને અહિંસાના સદગુણોની તાલીમ હોવું જોઈએ. બાળકમાં મૂલ્યોનું ઘડતર ઘર, પરિવાર, સમાજ અને શિક્ષણમાંથી થાય છે તે પૈકી શિક્ષણ દ્વારા મૂલ્યોનું સિંચન બાળકોમાં ગર્ભિત સંસ્કારોનું કામ કરે છે. બાળકની શિક્ષણની શરૂઆત પ્રાથમિક શિક્ષણથી થાય છે ત્યારે પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના મૂલ્યો પ્રત્યેના વિચારો અને સમજની સીધી અસર બાળકોના

ઘડતર પર થાય છે તેથી પ્રાથમિક શાળાના નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યો વિશેના વિચારો, સમજ તેમજ તેમની મૂલ્યો વચ્ચે શો તફાવત જોવા મળે છે તે જાણવાના હેતુસર પ્રસ્તુત આભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**2. સમસ્યા કથન**

**નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના મૂલ્યોનો તુલનાત્મક અભ્યાસ**

**પદોની વ્યાવહારિક વ્યાખ્યા**

પ્રસ્તુત અભ્યાસના પારિભાષિક શબ્દોની સમજ નીચે મુજબ છે.

**નિમ્ન પ્રાથમિક શાળા**

મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો, ગુજરાત(2012) મુજબ પ્રાથમિક શાળા એટલે ધોરણ 1 થી 8 નું શિક્ષણકાર્ય થતું હોય તેવી માન્યતા પ્રાપ્ત શાળા પૈકી ધોરણ 1 થી 5 ની શાળા એટલે નિમ્ન પ્રાથમિક શાળા

**ઉચ્ચ પ્રાથમિક શાળા**

મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો, ગુજરાત(2012) મુજબ પ્રાથમિક શાળા એટલે ધોરણ 1 થી 8 નું શિક્ષણકાર્ય થતું હોય તેવી માન્યતા પ્રાપ્ત શાળા પૈકી ધોરણ 6 થી 8 ની શાળા એટલે નિમ્ન પ્રાથમિક શાળા

**શિક્ષકો**

મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો, ગુજરાત(2012) મુજબ માન્યતા પ્રાપ્ત પ્રાથમિક શાળા ધોરણ - 1 થી 5 માં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો એટલે નિમ્ન પ્રાથમિક શાળાના શિક્ષકો અને ધોરણ 6 થી 8 માં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો એટલે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો.

**મૂલ્યો**

**શાબ્દિક અર્થ** મૂલ્ય એટલે કઈંક ગુણવત્તાવાળું, ઉપયોગી, શ્રેષ્ઠ, મહત્ત્વનું, મૂલવી શકાય તેવું કે મેળવવા યોગ્ય. મૂલ્ય એ આદર્શ કે ધોરણો છે. વ્યક્તિત્વના સર્વ પાસાઓનાં ગુણાત્મક લક્ષણો.

**વિવરાણાત્મક અર્થ** મૂલ્ય એક વિચાર છે. સંકલ્પના છે એટલે કે જીવનમાં કઇંક મહત્ત્વપૂર્ણ હોવા અંગેનો વિચાર છે. કોઈપણ જાતના નુકસાન વગર સમાજનું કલ્યાણ થાય તેવી ડહાપણ નીતિ. એવા સિદ્ધાંતો અને ધોરણો કે જે વ્યક્તિ દ્વારા સ્વીકૃત થાય અને માનવ વર્તનમાં તેનો વિનિયોગ થાય તો તેના જીવનને વર્તણૂકની સ્વીકૃત કક્ષાએ લઈ જાય અને ગૌરવવંતી બનાવે.

**વ્યવહારુ અર્થ**

“માનવે કોઈ વસ્તુને આપેલો અર્થ એટલે મૂલ્ય.”[1] - હરિપ્રસાદ જોષી

“મૂલ્ય એટલે એવી માન્યતા કે જેને વ્યક્તિ અગ્રતા આપે છે.”[2] - ઓલપાર્ટ

**સામાજિક મૂલ્યો** : સહિષ્ણુતા, સામાજિક ન્યાય, સમભાવ, સહકાર, માનવતા

એક વ્યક્તિનો અન્ય વ્યક્તિ સાથેનો સંબંધ સમાનતાની કક્ષાએ, એકત્વની કક્ષાએ અને સમાન વહેંચણીની કક્ષાએ છે તેવું વ્યક્તિગત વર્તન, પ્રત્યેક વ્યક્તિને પોતાના હકનું જે કંઈ હોય તે મળે છે અને તેને કારણે સમાજના કોઈ ઘટકને કશું પણ પોતાના હોવા છતાં ગુમાવવું પડતું નથી તેવી ભાવના એટલે સામાજિક મૂલ્ય.

એરિસ્ટોટલ કહે છે કે "માણસ સામાજિક પ્રાણી છે"[20] વ્યક્તિ સમાજનું એક અવિભાજ્ય અંગ છે. વ્યક્તિ અને સમાજ બન્ને એકબીજાને પરસ્પર કલ્યાણકારી બનાવે છે. સામાજિક મૂલ્યો અનુત્પાદક નથી હોતાં પણ ઉત્પાદક હોય છે મતલબ કે સામાજિક મૂલ્યો વહેંચણીને લીધે ખલાસ થઈ જતાં નથી પણ તેમાં વૃદ્ધિ થતી રહે છે અને સમય જતાં તેમાં વધુ સૂક્ષ્મતા અને ઊંડાણતા આવે છે. સામાજિક મૂલ્યો વ્યક્તિના સંઘજીવનમાંથી પ્રગટ થાય છે. ટૂંકમાં સમુદાયનો વિકાસ થાય તેવા સામુદાયિક હિતના કાર્યો એટલે જ સામાજિક મૂલ્યો.

**આર્થિક મૂલ્યો** : ઉત્પાદકતા

આર્થિક મૂલ્યના સંદર્ભમાં પ્રવૃત્તિ કરવાથી વ્યક્તિની જીવન વ્યવહારમાં જરૂરી દ્રવ્ય, પૈસા, સાધન સામગ્રી વગેરે મળે છે. આ પ્રવૃત્તિઓથી જીવનવ્યવહારની ક્ષમતા વધે છે. જીવનવ્યવહાર માટે જરૂરી પૈસા મેળવવા આ મૂલ્યને કારણે વ્યક્તિ સમાજે સૂચવેલી અને નીતિ-નિયમો સાથેની પ્રવૃત્તિઓને તેની નીપજના સંદર્ભમાં મહત્ત્વની ગણે છે. શોષણવિહીન અર્થવ્યવસ્થા માટે વ્યક્તિની એવી પ્રવૃત્તિઓને કારણે ઊભું થયેલ વ્યવસ્થા તંત્ર કે જે વ્યક્તિને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ધન ઉપાર્જનમાં મદદ કરે પરંતુ એને માટે અન્યને નુકશાન કે ઉપાર્જન વગરની શોષણયુક્ત પવૃત્તિઓ કરવાની ન હોય.

દરેક વ્યક્તિએ ધર્મથી, ન્યાયનીતિથી શિસ્તમાં રહીને પ્રામાણિકતાથી અર્થનું ઉપાર્જન કરવું જોઈએ. આવી રીતે પ્રાપ્ત કરેલ ધનનો ઉપયોગ પણ ધર્મ, ન્યાય-નીતિ અને પ્રામાણિકતાથી કરવો જોઈએ. ભૌતિક સુખ સગવડો અને ભોગવિલાસનો ત્યાગ કરીને પ્રજાની સુખાકારી માટે ધનનો ઉપયોગ કરવો જોઈએ. આર્થિક ઉત્પાદકતા મૂલ્યની પ્રાપ્તિ ભૌતિક અને અભૌતિક બંને પ્રકારની હોઈ શકે છે અને એ સંદર્ભમાં કરવા યોગ્ય પ્રવૃત્તિઓને આ ગુણ સાથે જોડી ઉત્પાદક પ્રવૃત્તિ કરવી આર્થિક મૂલ્ય છે.

**4. અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યોની ચકાસણી કરવી.
2. નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં મૂલ્યોની ચકાસણી માટે સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડની રચના કરવી.
3. નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યોની શૈક્ષણિક કક્ષાઓના સંદર્ભમાં ચકાસણી કરવી.

4. નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યોની વિસ્તારના સંદર્ભમાં ચકાસણી કરવી.

**અભ્યાસમાં સમાવિષ્ટ ચલ**

ચલ એટલે ચલિત, પરિવર્તિત, બદલાતું રહે તે...

અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

| ક્રમ | ચલ | પ્રકાર | કક્ષા |
|---|---|---|---|
| 1 | સ્વતંત્ર ચલ | શૈક્ષણિક કક્ષા | નિમ્ન પ્રાથમિક |
| | | | ઉચ્ચ પ્રાથમિક |
| | | વિસ્તાર | ગ્રામ્ય |
| | | | શહેરી |
| 2 | પરતંત્ર ચલ | સામાજિક અને આર્થિક મૂલ્યો | |

**6. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

ઉત્કલ્પનાઓ સંશોધનનાં પરિણામો અંગેના કામચલાઉ જવાબ આપે છે.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.

$Ho_1$ નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચપ્રાથમિક શાળાના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**7. અભ્યાસનું ક્ષેત્ર, પ્રકાર અને પદ્ધતિ**

અભ્યાસનું ક્ષેત્ર : શૈક્ષણિક તત્વજ્ઞાન

અભ્યાસનો પ્રકાર : વ્યાવહારિક સંશોધન

સંશોધન પદ્ધતિ : સર્વેક્ષણ પદ્ધતિ

**8. અભ્યાસનો વ્યાપવિશ્વ અને નિદર્શ**

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓમાં 2020-21 નાં વર્ષ દરમિયાન કાર્યરત શિક્ષકોને વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યા હતા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓમાંથી સહેતુક નમૂના પદ્ધતિથી શાળાઓની પસંદગી કરી ગ્રામ્યના-50 અને શહેરીના-50 એમ કુલ – 100 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**9.અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વ-રચિત સામાજિક અને આર્થિક 'મૂલ્ય માપદંડ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સામાજિક અને આર્થિક મૂલ્યોના છ ઘટકોને આધારે વિધાનો તૈયાર કરવામાં આવ્યાં હતાં. તજજ્ઞોશ્રીઓનું માર્ગદર્શન લઈ જરૂરી સુધારા વધારા કરી અંતિમ વિધાનો પસંદ કરવામાં આવ્યા.

પ્રસ્તુત મૂલ્ય માપદંડમાં 40 વિધાનો છે. પ્રત્યેક વિધાન સાથે પંચબિંદુ સમાન માપન યોજના છે. હકારાત્મક વિધાન માટે અનુક્રમે 5,4,3,2,1 ગુણ છે અને નકારાત્મક વિધાન માટે 1,2,3,4,5 ગુણ આપવામાં આવેલ છે. પ્રત્યેક વિધાનનું ગુણાંકન કર્યા બાદ તમામ વિધાનોના ગુણોનો સરવાળો કરતાં જે તે શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યોના કુલ ગુણ મળે છે.

### 10. અભ્યાસની ઉપયોગિતા

- આધુનિક ટેકનૉલોજીનાં સમયમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં સામાજિક અને આર્થિક મૂલ્યો વિશેના વિચારો કેટલે અંશે ગર્ભિત છે તે જાણી શકાશે.
- શિક્ષકોમાં શૈક્ષણિક કક્ષા અને વિસ્તારના સંદર્ભમાં સામાજિક અને આર્થિક મૂલ્યો પ્રત્યેની સભાનતા જાણી શકાશે.
- શિક્ષકોમાં સામાજિક અને આર્થિક મૂલ્યો પ્રત્યે જાગૃતતા વધશે.
- શિક્ષકોમાં સામાજિક અને આર્થિક મૂલ્યો પ્રત્યે સભાનતા વધતાં તેમના માધ્યમથી શાળાના બાળકો તમજ સમાજમાં તેઓ મૂલ્યોના વાહક બનશે.

### 11. અભ્યાસનો વ્યાપ અને મર્યાદાઓ

- પ્રસ્તુત અભ્યાસ માનવ જીવન સાથે સંબંધિત ઘણાં જીવનમૂલ્યો પૈકી સામાજિક અને આર્થિક મૂલ્યો પૂરતો મર્યાદિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસ અમદાવાદ જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાના ગુજરાતી માધ્યમના શિક્ષકો પૂરતું મર્યાદિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક કક્ષા અને વિસ્તાર સિવાયના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં લેવામાં આવેલ સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડની મર્યાદા પ્રસ્તુત અભ્યાસની મર્યાદા રહેશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

### 12. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે કોરોના મહામારીના કારણે શિક્ષકો પાસેથી રૂબરૂ સંપર્ક કરી માહિતી એકત્ર ન કરતાં નિદર્શ મૂજબની સંખ્યાના પ્રમાણમાં શિક્ષકો પાસેથી ગૂગલ ફોર્મના માધ્યમથી માહિતી એકત્ર કરવામાં આવી.

### 13. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક કક્ષા અને વિસ્તારના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં સામાજિક અને આર્થિક મૂલ્યોની ચકાસણી કરવા માટે કુલ ત્રણ ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી તે મૂજબ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન  નીચે મૂજબ છે.

$Ho_1$ : નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી** : 1 નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં મૂલ્ય માપદંડના પ્રાપ્તાંકોની સાર્થકતા કક્ષા

| સમૂહ | N | $\bar{x}$ | $Sd^2$ | M.D. | $SE_d$ | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| નિમ્ન પ્રાથમિક | 60 | 177.2 | 108.2 | 2.37 | 2.18 | 1.12 | NS |
| ઉચ્ચ પ્રાથમિક | 40 | 174.7 | 118.7 | | | | |

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.j.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

સારણી : 1 માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોએ સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 177.2 અને 174.7 છે, જ્યારે પ્રમાણ વિચલન અનુક્રમે 108.2 અને 118.7 છે તથા પ્રમાણભૂલ 2.18 છે અને t-મૂલ્ય 1.12 છે જે 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના $Ho_1$ નો અસ્વીકાર થતો નથી. એટલે કે સરાસરી વચ્ચે જે તફાવત જોવા મળે છે તે વાસ્તવિક નથી પરંતુ આકસ્મિક છે. અર્થાત્ નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

$Ho_2$: નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી** : 2 નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં ગ્રામ્ય વિસ્તારના સંદર્ભમાં મૂલ્ય માપદંડના પ્રાપ્તાંકોની સાર્થકતા કક્ષા

| સમૂહ | N | $\bar{x}$ | $Sd^2$ | M.D. | $SE_d$ | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| નિમ્ન પ્રાથમિક | 30 | 179 | 80.1 | 3.02 | 3.05 | 0.99 | NS |
| ઉચ્ચ પ્રાથમિક | 20 | 176 | 132.6 | | | | |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સારણી : 2 માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોએ સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 179 અને 176 છે, જ્યારે પ્રમાણ વિચલન અનુક્રમે 80.1 અને 132.6 છે તથા પ્રમાણભૂલ 3.05 છે અને t-મૂલ્ય 0.99 છે જે 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના $Ho_2$ નો અસ્વીકાર થતો નથી. એટલે કે સરાસરી વચ્ચે જે તફાવત જોવા મળે છે તે વાસ્તવિક નથી પરંતુ આકસ્મિક છે. અર્થાત્ નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના ગ્રામ્ય વિસ્તારના સંદર્ભમાં સામાજિક અને આર્થિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

$Ho_3$ : નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના શિક્ષકોના સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સારણી** : 3 નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોનાં શહેરી વિસ્તારના સંદર્ભમાં મૂલ્ય માપદંડના પ્રાપ્તાંકોની સાર્થકતા કક્ષા

| સમૂહ | N | $\bar{x}$ | $Sd^2$ | M.D. | $SE_d$ | t મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| નિમ્ન પ્રાથમિક | 30 | 176.5 | 141.6 | 3.00 | 3.22 | 0.93 | NS |
| ઉચ્ચ પ્રાથમિક | 20 | 173.5 | 113.1 | | | | |

સારણી : 2 માંના પ્રત્યુત્તરોનું વિશ્લેષણ કરતાં નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના શિક્ષકોએ સામાજિક અને આર્થિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 176.5 અને 173.5 છે, જ્યારે પ્રમાણ વિચલન અનુક્રમે 141.6 અને 113.1 છે તથા પ્રમાણભૂલ 3.22 છે અને t-મૂલ્ય 0.93 છે જે 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના $Ho_3$ નો અસ્વીકાર થતો નથી. એટલે કે સરાસરી વચ્ચે જે તફાવત જોવા મળે છે તે વાસ્તવિક નથી પરંતુ આકસ્મિક છે. અર્થાત્ નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના શહેરી વિસ્તારના સંદર્ભમાં સામાજિક અને આર્થિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

**14. અભ્યાસનાં તારણો**

- નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોમાં સામાજિક અને આર્થિક મૂલ્યોમાં સમાનતા જોવા મળે છે.
- નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોમાં ગ્રામ્ય વિસ્તારના સંદર્ભમાં સામાજિક અને આર્થિક મૂલ્યોમાં સમાનતા જોવા મળે છે.
- નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોમાં શહેરી વિસ્તારના સંદર્ભમાં સામાજિક અને આર્થિક મૂલ્યોમાં સમાનતા જોવા મળે છે.

**15. અભ્યાસના ફલિતાર્થો**

વ્યક્તિના જીવનમાં મૂલ્યો એ અનિવાર્ય વ્યક્તિત્વનું પાસું છે જે વ્યક્તિને સમાજમાં તેમજ અન્ય જગ્યાએ અસ્તિત્વ બક્ષે છે. સમાજના પાયાના ઘડતર માટે શિક્ષકો દ્વારા મૂલ્યો થકી

થતાં પ્રયત્નો બાળકોના ઘડતરમાં ચિરંજીવીનું કામ કરે છે. જીવનમૂલ્યો વ્યક્તિના વ્યક્તિત્વનું ખૂબ જ મહત્ત્વનું પાસું છે. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકના જીવનમૂલ્યો સંદર્ભે સામાજિક અને આર્થિક મૂલ્યોમાં શૈક્ષણિક કક્ષા અને વિસ્તારના સંદર્ભમાં સમાનતા જોવા મળે છે. શિક્ષક થકી શિક્ષણમાં સમાજ માટે ઉપયોગી સામાજિક અને અર્થોપાર્જન માટે ઉત્પાદકતા મૂલ્યો જરૂરી છે.

**સંદર્ભસૂચિ**

ઉચાટ, ડી.એ. (2004). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

જોષી, હરિપ્રસાદ. (1998). ***મૂલ્યશિક્ષણ.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેશમુખ, સીતારામ. (2013). ***મૂલ્યશિક્ષણ.*** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

પટેલ, આર.એસ. (2008). ***શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ,*** અમદાવાદ : જય પ્રકાશન.

શુક્લ, એસ. એસ. (2017). ***એક્સેલ અને મુદત વિશ્લેષણ.*** અમદાવાદ : ક્ષિતિ પ્રકાશન.